# આટકોટના ચકચારી દુષ્કર્મ કેસનો ૩૪ દિવસમાં ચુકાદો

## ૭ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરી ક્રુરતા આચરનાર આરોપીને દોષિત ઠેરવાયો, ૧૫મીએ સજા સંભળાવાશે

રાજકોટ

રાજકોટ જિલ્લાના આટકોટ તાલુકામાં સાત વર્ષની બાળકી પર થયેલા દુષ્કર્મના ચકચારી કેસમાં કોર્ટ આજે ચુકાદો આપી શકે છે. ૩૩ દિવસ પહેલા ત્રણ સંતાનોના પિતા એવા રેમસીંગ નામના આરોપીએ બાળકીનું અપહરણ કરી આવાવરું જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ માસૂમના પ્રાઈવેટ પાર્ટમાં લોખંડનો સળિયો નાખી લોહીલુહાણ કરી નાખી હતી. બાળકીને તાત્કાલીક સારવાર માટે ખસેડી દેવાતા બચાવ થયો હતો.

પોલીસે આરોપીને ઝડપી ૧૧ દિવસમાં જ ચાર્જશીટ ફાઈલ કરી હતી. ૩૪ દિવસમાં કોર્ટે ચુકાદો આપી આરોપીને દોષિત ઠેરવ્યો. સજાનું એલાન ૧૫મી જાન્યુઆરીએ કરાશે.

કાનપર ગામે બપોરના ૧૨ વાગ્યે ભોગ બનનાર બાળકી પોતાના ભાઈ–બહેનો સાથે રમતી હતી ત્યારે આરોપી રેમર્સીંગ તેરસીંગ મોટર સાઈકલ ઉપર આવી અને ભોગ બનનાર બાળકીને ઉપાડી બાજુના ઝાડ પાસે લઈ જઈ તેણીના ગુપ્ત ભાગમાં ૫ ઈંચનો લોખંડનો સળીયો ભરાવી દુષ્કર્મ આચર્યું હતું. બાળકીની ચીસો સાંભળી બાજુના રૂમમાં રહેલ તેની મામી દોડી આવી ત્યારે આરોપી રેમસીંગ સ્થળ ઉપરથી ભાગી ગયો હતો. બાળકીની ગંભીર હાલત અને સખ્ત રકતસ્ત્રાત જોતા મામીએ બાળકીના પિતા અને પોતાના પતિને તાત્કાલીક બોલાવી કાનપર ગામના સાર્વજનીક દવાખાને એમ્બ્યુલન્સમાં લઈ ગયા હતા. બાળકીની હાલત અતિશય ગંભીર હોવાથી યોગ્ય સારવાર માટે જસદણ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને ત્યાંથી રાજકોટ જનાના હોસ્પિટલ ખાતે રાત્રીના ૯ વાગ્યે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

આ સમય દરમિયાન અતિશય રકતસ્ત્રાવ થવાથી બાળકીનુ ઓપરેશન થઈ શકશે કે કેમ તે માટે રેડયોલોજીસ્ટ અને ગાયનેકોલોજીસ્ટના અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા અને ત્યારબાદ જ બેભાન બાળકીની વિસ્તૃત સારવાર કરવામાં આવતા બચી ગઈ હતી. આ સમયે બાળકીના પિતાએ બનાવ અંગે પોલીસને જાણ કરેલ પરંતુ આરોપીને કોઈએ જોયો ન હોવાથી પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી.

### ૧૧ દિવસમાં આરોપી સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી

તપાસ દરમિયાન આરોપીનો મોબાઈલ ફોન જપ્ત કરી સી.ડી.આર. મેળવતા આરોપીની હાજરી કાનપર ગામના વિસ્તારમાં મળી આવી હતી. પોલીસ તપાસ પુર્ણ થયા બાદ તપાસનીશ અધિકારીએ ફકત ૧૧ જ દિવસમાં સમગ્ર પોલીસ તપાસ પુર્ણ કરી ચાર્જશીટ રજુ કરી દીધું હતું. આ સમય દરમ્યાન બાળકીના પિતાએ કોર્ટમાં એક વિસ્તૃત પત્ર લખી તેની બાળકીની આ હાલત કરનાર આરોપી સામે તાત્કાલીક કેસ ચલાવી સખ્ત સજા આપવા રજુઆત કરી હતી.

તા.૦૮.૧૨.૨૦૨૫ના રોજ આરોપી રેમર્સીંગને શંકાના આધારે ઝડપી લેવામાં આવ્યો હતો અને તેની પોલીસ રીમાન્ડ દરમ્યાન આરોપીએ કાનપર ગામના એક ઝાડની નીચેથી લોખંડનો સળીયો કાઢી આપ્યો જે રકતથી ખરડાયેલો હતો.

આ ઉપરાંત બનાવ સ્થળે એફ.એસ.એલ. અધિકારીને પરીક્ષણ માટે બોલાવવામાં આવ્યા હતા જયાંથી આરોપીના માથાના વાળનો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ મુદામાલ પરીક્ષણ અર્થે મોકલવામાં આવતા માથાના વાળ આરોપીના હોવાનુ ડી.એન.એ. પરીક્ષણમાં સામે આવ્યું હતું તેમજ લોખંડના સળીયા ઉપરનુ લોહી બાળકીનુ હોવાનુ સામે આવ્યું હતું.

# રાજકોટના સોની બજારના ચાંદીના વેપારી સાથે મહારાષ્ટ્રના શખ્સની રૂ.૧૩,૪૯ લાખની છેતરપીંડી


## ૩૧ કિલોથી વધુના ચાંદીના દાગીના ઓર્ડર મુજબ મંગાવી લીધા બાદ રૂપિયા ચુકવ્યા નહીં: ફરિયાદ

રાજકોટ,

રાજકોટ સોની બજારમાં આરકે સિલ્વર નામે પઢી ચલાવતાં ચાંદીના વેપારી સાથે મહારાષ્ટ્રના વેપારીએ પાંચ વર્ષ સુધી દાગીના ખરીદી સમયસર નાણા ચુકવી વિશ્વાસ કેળવ્યા બાદ ૧૩ાા લાખના ચાંદીના દાગીના ખરીદી તેની રકમ ન આપતાં ફરિયાદ થઇ છે. મહારાષ્ટ્રના સાંગલીના વેપારીએ રાજકોટની આ પેઢી પાસેથી કુલ ૩૧ કિલોથી વધુના ચાંદીના દાગીના ઓર્ડર મુજબ મંગાવી લીધા બાદ રૂપિયા ચુકવ્યા નથી.આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે અમીન માર્ગ પર તપોવન સોસાયટી-૧ મોતીસાગર મકાનમાં રહેતાં અને સોની બજાર માંડવી ચોક પારેખ શેરી સામે ખત્રીવાડમાં આરકે હાઉસ નામના બિલ્ડીંગમાં આરકે સિલ્વર નામે પેઢી ચલાવતાં રણજીતભાઈ ખેંગારભાઇ વાઢેર(ઉ.વ.૫૮)ની ફરિયાદ પરથી મહારાષ્ટ્ર સાંગલીના આષ્ટાગામના દેવીલાલ વાધારામ માલી વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

રણજીતભાઇએ જણાવ્યું છે કે મારી પેઢીમાં મારી સાથે અન્યે ત્રણ ભાગીદાર પણ છે. અમે મહારાષ્ટ્ર સાંગલીના દેવીલાલ માલી કે જેને તેના ગામમાં અર્બુદા સીલ્વભર જ્વેલર્સ નામે દુકાને છે તેની સાથે છેલ્લા પાંચેક વર્ષથી ચાંદીના હોલસેલ દાગીના તેના ઓર્ડર મુજબ આપવાનો વેપાર કરીએ છીએ. તે દાગીના મળ્યે સમયસર રૂપિયા આપી દીધા હતાં. અમે દેવીલાલ માલીને તા-૨૦/૦૫/૨૪ના રોજ ૧૮ કીલો ૧૦૪ ગ્રામ ચાંદીના અલગ-અલગ દાગીના રૂપિયા ૮,૦૬, ૧૮૯ના થાય તેનો ઓર્ડર લખાવેલ તેના રૂ.૪.૨૨,૪૦૦ અમારી પેઢીના ખાતામાં જમા કરાવેલ હતા. જેથી કુરીયર મારફતે તેઓના ઓર્ડર મુજબ ઉપરોકત ચાંદીના દાગીના મોકલાવેલ હતાં. બાદ નવા ઓર્ડર મુજબ ૧૭ કીલો ૮૪૭ ગ્રામ ચાંદીના અલગ અલગ દાગીના જેની કી.રૂ.૯,૬૫,૯૦૮ના મોકલેલ હતા અને તેઓએ થોડા દીવસમા આ બીલના તથા અગાઉના બીલના પૈસા આપી દઈશ તેમ વાત કરી હતી.પરંતુ ઘણા દીવસ થવા છતા પૈસા આપેલ ન હાઇ ફોન કરતાં તેણે થોડા દિવસમા પૈસા આપી દઇશ તેમ કહ્યું હતું. પણ પૈસા ન આવતાં અમે તેના ગામમાં તેની દુકાને જતાં ત્યારે પણ તેણે વાયદો આપ્યો હતો કે જલ્દીપ પૈસા આપી દઇશ. આથી અમે પરત આવી ગયા હતાં. એ પછી અવાર નવાર ફોનથી મારા નીકળતા રૂ.૧૩,૪૯,૧૯૭ માગતા તેણે આજ સુધી અમારી રકમ આપી નથી. અંતે ફરિયાદ નોંધાવવી પડી છે. તેમ વધુમાં રણજીતભાઇએ કહેતાં પીઆઇ બી. વી. બોરીસાગરની રાહબરીમાં પીએસઆઇ એસ. આર. ચાવડાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજકોટના પેડક રોડની ગુજરાત સોસાયટીના વૃધ્ધનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત



રાજકોટ,

રાજકોટના કુવાડવા રોડ પર માલીયાસણ બ્રીજ નીચે ટ્રેન હેઠળ પડતું મુકી સામા કાંઠે રહેતાં વૃધ્ધે આપઘાત કરી લીધો છે. ગઇકાલે અજાણ્યા વૃધ્ધના મૃત્યુ અંગે બી-ડિવીઝન પોલીસે તપાસ શરૂ કરી હતી. દરમિયાન તેમની ઓળખ થઇ હતી. બિમારીથી કંટાળીને પગલુ ભરી લીધાનું ખુલ્યું હતું. જાણવા મળ્યા મુજબ માલીયાસણ બ્રીજ નીચે એક વૃધ્ધ્ ટ્રેનની ઠોકરે આવી જતાં મોત થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન આજે આ વૃધ્ધની ઓળખ થઇ હતી. આ વૃધ્ધ પેડક રોડ ગુજરાત સોસાયટી-૩માં રહેતાં અરવિંદભાઇ રવજીભાઇ રૈયાણી (ઉ.વ.૬૫) હોવાનું ખુલ્યું હતું. આ વૃધ્ધએ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતાં. અગાઉ ચાંદી કામ કરતાં હતાં અને હાલ નિવૃત જીવન જીવતા હતાં. સંતાનમાં બે દિકરા છે. બ્લયપ્રેશર, ડાયાબીટીસ સહિતની બિમારી લાગુ પડી હોઇ રવિવારે સવારે ઘરેથી નીકળી જતાં પરિવારજનોએ શોધખોળ આદરી હતી. દરમિયાન પરિવારજનોને આજે તેઓ મૃતદેહ સ્વરૂપે મળ્યા હતાં. બિમારીથી કંટાળી આ પગલુ ભર્યાનું ખુલ્યું હતું.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હાડ થીજવતી ઠંડી: રાજકોટ ૮.૯ ડિગ્રી

## ઉતરોત્તર વધતી જતી ઠંડીથી અસર જનજીવન અસર



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ટાઢોડુ યથાવત છે. અને ગિરનાર અને નલીયામાં ૬ ડિગ્રી ઠંડી નોંધાય છે. જયારે ભુજ ૮.૬, અમરેલી ૯.૭, જામનગરમાં ૧૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે. ગુજરાતવાસીઓ કાતીલ ઠંડીમાં ઠુંઠવાય રહ્યાં છે. સતત ઉતરોત્તર વધતી જતી ઠંડીથી અસર જનજીવન પર પણ જોવા મળી રહી છે. નલિયા ૬ ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડુ શહેર બન્યું છે તો ભુજમાં ૮.૬ ડિગ્રી, અમરેલી ૯.૭ ડિગ્રી તથા રાજકોટમાં ૮.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પર્વતીય વિસ્તારોમાં થઈ રહેલી બરફબારીનો અસર મેદાની વિસ્તારોમાં સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યો છે, જેના કારણે ઠંડી પવન ફૂંકાઈ રહ્યા છે અને ઠંડીનો અહેસાસ વધુ વધી ગયો છે.

જુનાગઢ: ગિરનાર પર્વત પર સવારે પણ લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી નોંધાતા ઠંડીનું મોજુ યથાવત રહ્યું હતું. ગિરનાર પર ગઈકાલે રવિવારે રજા રાખ્યાક વગર ૬.૩ ડિગ્રી ઠંડી નોંધાય હતી સવારે પણ ગિરનાર ખાતે ૬ ડિગ્રી તાપમાન રહેતા સમગ્ર પર્વત વિસ્તારમાં કાતિલ ઠંડી અનુભવાય હતી. ૪ દિવસથી ઠંડી સ્થિર રહેતા ગિરનારની યાત્રાએ આવતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો હોવાનું સામે આવ્યુંધ છે.જૂનાગઢમાં પણ સવારે લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી રહ્યું હતું અને જેની સાથે વાતાવરણમાં ભેજ વધીને ૭૬% થઈ જતા ઠંડી વધુ તીવ્ર બની હતી. ગઈકાલે પવનની ઝડપ ૧૦.૩ કિલોમીટરની રહ્યા બાદ સવારે પવન ઘટીને ૬.૩ કિલોમીટરનો થઈ ગયો હતો.

ભાવનગર: ગોહિલવાડ પંથકમાં ગઈકાલે સિઝનની સૌથી વધુ ઠંડી ૧૨ ડીગ્રી નોંધાઈ હતી. ભાવનગર શહેરનું લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડિગ્રી નોંધાયું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા હતું જ્યારે પવનની ઝડપ આઠ કિમી પ્રતિ કલાકની રહેવા પામી હતી. ઠંડા પવનને કારણે વાતાવરણ ટાઢુબોર બની ગયું છે.

જામનગરમાં લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી, મહતમ ૨૩.૫, ભેજ ૫૯ ટકા અને પવનની ઝડપ ૮.૭ કિ.મી. રહી હતી.રાજયમાં ગિરનાર ૬.૦ ડીગ્રી,અમદાવાદ ૧૪.૮ ડીગ્રી,,અમરેલી ૯.૭ ડીગ્રી, બરોડા ૧૪.૨ ડીગ્રી,ભાવનગર ૧૩.૮ ડીગ્રી, ભુજ ૮.૬ ડીગ્રી,દમણ ૧૫.૮ ડીગ્રી,ડીસા ૧૧.૩ ડીગ્રી,દીવ ૧૬.૫ ડીગ્રી,દ્વારકા ૧૪.૨ ડીગ્રી,જામનગર ૧૨.૦ ડીગ્રી,કંડલા ૧૨.૦ ડીગ્રી,નલિયા ૬.૦ ડીગ્રી,ઓખા ૧૭.૩ ડીગ્રી,પોરબંદર ૧૫.૪ ,ગ્રી,રાજકોટ ૧૦.૩ ડીગ્રી,સુરત ૧૪.૪ ડીગ્રી,વેરાવળ ૧૮.૪ ડીગ્રી નોધાયું હતું.

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં ગયેલા ધોરાજીના વૃધ્ધાનું મૃત્યુ



ધોરાજી,

ધોરાજી થી સોમનાથનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાં કાર્યક્રમમાં વૃધ્ધાનું મોત નિપજ્યું છે.

વેરાવળ સોમનાથ મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો કાર્યક્રમ હોય ત્યારે સૌરાષ્ટ્રમાંથી લોકોને એસ ટી બસ માં લઇ જવામાં આવ્યા હતા જેમાં ધોરાજી થી પણ ઘણી બસોમાં વેરાવળ સોમનાથ મંદિર ખાતે અસંખ્ય લોકો ને લઈ જવા મા આવ્યા હતા જેમાં એસ ટી બસ નં ૩૬ ની બસ માં બેઠેલા વૃધ્ધ મહિલા ઉંમર ૬૦ નું મોત નિપજ્યું હતું

આ વૃધ્ધ મહિલા રમાબેન ચવડીયા માતાવાડી વિસ્તાંરમાં રહેતા હતા. તેમનો મૃતદેહ ધોરાજી પી એમ માટે ખસેડવામાં આવ્યો છે વૃધ્ધ મહિલા નું કયાં કારણોસર થયું છે તે પી એમ કર્યા બાદ જ ખબર પડશે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબં તેમનું હૃદય નાં ધબકારા બંધ થતાં મોત થયું હોય તેવું અનુમાન છે

# રંગીલા રાજકોટમાં ક્રિકેટ ફીવર નિરંજન શાહ સ્ટેડિયમમાં ૧૪મી જાન્યુઆરીએ વન-ડે

## ભારતીય ટીમ સયાજી અને ન્યૂઝીલેન્ડની ટીમ ફોર્ચ્યુન હોટેલમાં રોકાશે





રાજકોટ

મકરસંક્રાંતિના રજાને દિવસે જ મેચ હોવાથી ઉત્સાહ બેવડાયો છે અને ટિકિટના વેચાણને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે રાજકોટ અને ન્યૂઝીલેન્ડની ટીમો આજે રાજકોટ આવી જશે અને ૧૩મીએ બપોરે ન્યૂઝીલેન્ડની ટીમ અને ફ્લડલાઈટમાં ભારતની ટીમ નેટ પ્રેક્ટિસ કરવાની હોવાનું જાણવા મળે છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કુલ ૩ વન-ડે રમાવાના છે. જેમાં પ્રથમ વન-ડે ૧૧મી જાન્યુઆરીએ વડોદરા ખાતે રમાઈ હતી જેમાં ભારતનો વિજય થયો હતો. બીજી વન-ડે ૧૪મી જાન્યુઆરીએ રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. ભારત અને ન્યૂઝીલેન્ડની ટીમ ખાસ વિમાનમાં આજે રાજકોટ આવી પહોંચશે અને ભારતીય ટીમ સયાજી હોટેલમાં અને ન્યૂઝીલેન્ડની ટીમ ફોર્ચ્યુન હોટેલમાં રોકાણ કરશે. ટેસ્ટ અને ટી-૨૦માંથી નિવૃત્તિ લઇ લેનારા ભારતીય ટીમના મહાન ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલી આ મેચમાં રમવાના હોવાથી તેનું સૌથી વધુ આકર્ષણ રહેશે.આ ઉપરાંત કેપ્ટન શુભમન ગિલ, કે.એલ.રાહુલ અને રૂષભ પંત સહિતના ખેલાડીઓ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. ભારત અને ન્યૂઝીલેન્ડની ટીમો નિર્ધારિત શેડ્યૂલ મુજબ ૧૨મીએ હોટેલમાં આરામ કરશે અને ૧૩મીએ નેટ પ્રેક્ટિસ કરશે. ન્યૂઝીલેન્ડની ટીમ બપોરે ૧.૩૦થી ૪ વાગ્યા સુધી અને ભારતીય ટીમ સાંજે ૫.૩૦ થી ૮ વાગ્યા સુધી નેટ પ્રેક્ટિસ કરશે. આ વન-ડે મેચ ડે-નાઈટ રહેવાનો છે. આથી તેમાં સૌરાષ્ટ્રભરના પતંગ અને ક્રિકેટપ્રેમીઓ મોટી સંખ્યામાં ઊમટી પડશે અને બન્નેની મજા લઈ શકશે.

# રાજકોટનીયા કાલાવડ રોડ ગોકુલમ સોસાયટીમાં બંધ મકાનમાંથી રૂપિયા ૯.૩૪ લાખની ચોરી

## પરિવારજનો જુનાગઢ જતાં બુકાનીધારી ત્રાટક્યા. : બે સ્થળેથી ચોરી થતાં પોલીસ દોડી



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટના શહેરના કાલાવડ રોડ પર સાંઝા ચુલ્હાર પાછળ આવેલી બે સોસાયટીમાં ત્રણ મકાનને બુકાનીધારી તસ્કરો નિશાન બનાવી. એક મકાનમાંથી ૯,૩૪,૦૦૦ની રોકડ-દાગીના સહિતની મત્તા, બીજા એક ઘરમાંથી ૧૫ હજારની રોકડ ગઇ હતી. તો એક મકાનમાં ચોરીનો પ્રયાસ થયો હતો. જ્યાં લાખોની મત્તાની ચોરી થઇ એ પરિવારના દસ વર્ષના દિકરાનું છ દિવસ પહેલા જ અવસાન થયું હતું. પરિવારજનો જુનાગઢ હતાં ત્યારે બંધ ઘરને તસ્કરો નિશાન બનાવ્યું હતું

આ બનાવમાં તાલુકા પોલીસે કાલાવડ રોડ સાંઝા ચુલ્હા પાછળ આવેલ ગોકુલ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી વીંગ ફલેટ નં. સી-૨૦૨માં રહેતાં જ્યોત્સનાબેન લાલજીભાઇ બગડા (ઉ.વ.૪૩)ની ફરિયાદ પરથી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જ્યોત્સનાબેન બેને જણાવ્યું છે કે હું પતિ, પરિવાર સાથે રહુ છું. મારા દિકરા નિરાંત (ઉ.વ.૧૦)નું ગત ૫/૧ના રોજ અવસાન થયું છે. તા. ૧૦/૧ના સવારે દસેક વાગ્યે અમે જુનાગઢ ખાતે મારા માવતરના ઘરે ગયા હતાં. રવિવારે સવારે સાડા આઠેક વાગ્યે અમે જુનાગઢ હતાં ત્યોરે પાડોશી પ્રવિણભાઇ કોરીયાનો મારા પતિને ફોન આવ્યોા હતો કે રાત્રીના તમારા ઘરના તાળા તુટયા છે. આથી અમે તુર જ જુનાગઢથી રાજકોટ આવવા નીકળી ગયા હતાં.

અમે ઘરે પહોંચીને તપાસ કરતાં લોખંડના કબાટનો લોક તૂટેલો હતો અને સામાન વેરવિખેર પડયો હતો.

કબાટમાં તિજોરીનો લોક પણ તૂટેલો હતો. તિજોરી ચેક કરતાં તેમાંથી રૂા. ૧,૨૫,૦૦૦ રોકડા, સોના-ચાંદીના દાગીના, સોનાના હારનો સેટ રૂા. ૪,૫૦,૦૦૦ તથા કાનની સર રૂા. ૧,૨૫,૦૦૦ની તેમજ લેડીઝ વીંટી ૭૦ હજારની, સોનાના પાટલા ૧,૨૦,૦૦૦ના તથા ચાંદીની બંગડી, ચાંદીના સાંકળા મળી કુલ રૂા. ૯,૩૪,૦૦૦ની માલમત્તા ગાયબ હતી.

આ પછી અમે તપાસ કરતાં ખબર પડી હતી કે અમારી બાજુની એકલવ્યત સોસાયટીમાં જી-૩૦૬માં રહેતાં મોહિતભાઇ ખીમજીભાઇ લાડવા રાતે નોકરી પરથી ઘરે આવતાં તેના ઘરમાંથી પણ રૂા. ૧૫૦૦૦ની ચોરી થયાનું અને અમારી સોસાયટીમાં જ બી-૨૦૪માં રહેતાં રેખાબેન રાજેશભાઇ રાઠોડના ઘરના તાળા તોડી ચોરીનો પ્રયાસ કરાયાનું જાણવા મળ્યું હતું.

જેથી અમે ફરિયાદ નોંધાવી હતી. તસ્કેરો મારા ઘરમાંથી રોકડ-દાગીના અને પાડોશીના ઘરમાંથી ૧૫ હજાર મળી કુલ ૯,૪૯,૦૦૦ની ચોરી કરી ગયા છે. પીઆઇ ડી. એમ. હરીપરાની રાહબરીમાં એએસઆઇ ડી. સી. જોષીએ ગુનો દાખલ કર્યો છે. ચોરીનો ભેદ ઉકેલવા ડી. સ્ટાફની ટીમ, ક્રાઇમ બ્રાંચ અને એલસીબી ઝોન-૨ ટીમ પણ કામે લાગ્યાર છે.પોલીસની પ્રાથમિક તપાસમાં સીસીટીવી ફૂટેજમાં ત્રણ ચોર જોવા મળ્યા છે. જેમાંથી બે ચોરે મોઢે બુકાની બાંધી હતી. ફૂટેજને આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

# જુનાગઢમાં સીઝનલ સ્ટોરમાંથી ગેરકાયદેસર રૂ.૩૨,૬૩ લાખના ફટાકડા જપ્ત: વેપારીની ધરપકડ

જુનાગઢ,

જુનાગઢ આઝાદ ચોક પોસ્ટ ઓફીસ રોડ ઉપર આવેલ જલારામ સીઝનલ સ્ટોર નામની દુકાનનો વેપારી નથન રસીકભાઈ ભાથાણી લોહાણા, ઉ.વ.૩૭, ધંધો-વેપાર રહે જુનાગઢ, તળાવ દરવાજા, સોલીટેર એપાર્ટમેન્ટ, બ્લોક નં.બી-૩૦૨ વાળી પોતાના કબજાની દુકાનમાં ગેરકાયદેસર રીતે લાયસન્સ/પરવાના વગર કટાકડાનો જથ્થો રાખી વેચાણ કરે છે- જે હકીકતને આધારે ઉપરોક્ત જગ્યાએ એસ.ઓ.જી. દ્વારા રેઈડ કરતા પોતા પાસે કટાકડા વેચાણ કરવા કે સંગ્રહ કરવા અંગેની પરવાનો ન હોય જેથી ઉપરોકત વિગતે દુકાનમાં અલગ-અલગ ગ્રાન્ડના કુલ કિ.રૂ.૩૨,૬૩,૬૭૩. નો ફટાકડાનો જથ્થોા રાખી ગોડાઉન ઉપર માનવ જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફટીના કોઈ પણ સાધનો નહિ રાખી પોતાની તથા અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકી ગુનો કરેલ હોય જે ઈસમને પકડીપાડી મુદામાલ કબજે કરી એ ડીવીઝન પો.સ્ટેગ.માં ગુનો રજી. કરાવેલ છે.એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ. આર.કે.પરમાર તથા એ.એસ.આઇ, વિક્રમભાઈ ચાવડા, મહેન્દ્રભાઈ કુવાડીયા તથા પો.હેડ કોન્સ મેણસીભાઈ અખેડ, પ્રતાપભાઈ શેખવા, બાલુભાઈ બાલસ તથા પો.કોન્સ. રોહિતભાઈ પાધલ, વિશાલભાઈ ઓડેદરા તથા ડ્રા.પો.કોન્સ. વિશાલભાઈ ડાંગર વિગેરે સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલ હતો.

# રાજકોટના અયોધ્યાા ચોકમાં કારની સફાઇ કરતી વખતે યુવાનનું હૃદય બેસી જતાં મોત



રાજકોટ,

રાજકોટમાં હૃદય રોગના હુમલાથી વધુ એક યુવાનનું મોત થયું છે. ૧૫૦ ફુટ રીંગ રોડ અયોધ્યાા ચોક ગોકુલ મથુરા એપાર્ટમેન્ટ ખાતે રહેતો ખીમબહાદુર હક્કબહાદુર ખત્રી-નેપાળી (ઉ.વ.૩૦) સવારે ઘર નજીક સૌભાગ્ય એપાર્ટમેન્ટ પાસે કારની સફાઇ કરતો કરતો ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત થયું હતું .મૃત્યુ પામનાર ખીમબહાદુર બે બહેન અને ત્રણ ભાઈમાં નાનો હતો. તે ચોકીદારીનું કામ કરવાની સાથે કાર સફાઈનું કામ પણ કરતો હતો. બનાવને પગલે નેપાળી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા બ્નવમમાં રાજકોટના નવાગામ શક્ત સોસાયટી-૧૦માં રહેતાં કુલદીભાઇ ઘનશ્યામભાઇ સાપરા (ઉ.વ.૩૭)ને છાતીમાં દુ:ખાવો ઉપડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત હતા પરિવારમાં શોક છવાઇ ગયો હતો.મૃત્યુ પામનાર કુલદીપભાઇ બે ભાઇમાં નાનો હતો. સંતાનમાં બે દિકરા છે.